ગાંધીનગર સમાચાર

તા. ૨૬-૯-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગુજરાત જળબંબાકાર

ભાદરવો એવો મન મૂકીને વરસ્યો છે કે ગુજરાત આખું જળબંબાકાર થઈ ગયું છે. પાકિસ્તાનના બલુચિસ્તાન વિસ્તારમાંથી શરૂ થયેલા ભૂકંપથી દિલ્હી અને આસપાસના પ્રદેશો ધ્રૂજી ઊઠ્યા છે એમ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ માઝા મૂકી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભોપાલની વિશાળ રેલી સંબોધી રહ્યા હોય અને એમના જ મતવિસ્તાર મણિનગરમાં આખીને આખી સોસાયટીઓમાં ગટરનાં ગંદા પાણી ઘૂસી ગયાં હોય એવી ઘટના એક સાથે બને ત્યારે એને પ્રજાના કિસ્મતની વિડંબના જ કહેવી રહી. મણિનગરની અમદાવાદના સૌથી સમૃદ્ધ અને વિકસિત વિસ્તારોમાં ગણતરી થતી હોવા છતાં, અને એ વિસ્તારનું પ્રતિનિધિત્વ ખુદ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કરતા હોવા છતાં, આવી વિકટ સ્થિતિ સરજાઈ છે તે શું વહીવટીતંત્રની સવિશેષ મહાનગરપાલિકાની નિષ્ફળતાનું જીવતું જાગતું પ્રમાણ નથી? આવી જ પરિસ્થિતિ સયાજીની સંસ્કારી નગરી વડોદરામાં પ્રવર્તી રહી છે. ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જેવાં દક્ષિણ ગુજરાતનાં શહેરોની હાલત તો એથી પણ બદતર છે. સુરતને માથે ભૂતકાળમાં ત્રાટકેલી ભયાનક રેલની સ્મૃતિ માંડી શમી રહે ત્યાં ફરી વાર એની પુનરાવૃત્તિ થવા પામી છે. વહીવટીતંત્રે નગરજનોને હૈયાધારણા આપ્યે રાખી હતી કે વેળાસર ઉકાઈ ડેમમાંથી તબક્કાવાર પાણી છોડવાથી રેલની પરિસ્થિતિ નહીં સરજાય પરંતુ એ ગણતરી ખોટી પડી છે. સુરત શહેરમાં નાવડાં ફરતાં થયાં છે અને લોકોને કિંમતી ઘરવખરી પલળવા દઈ હેમખેમ સલામત જગ્યાએ ખસી જવાની ફરજ પડી છે. સુરતને કોઈએ સોનાની મૂરત કહી બિરદાવેલું પરંતુ પછી જ્યારે આવી જ રેલથી એની બેહાલી થઈ ત્યારે કવિ હૈયું કકળી ઊઠેલું 'આ તે શા તુજ હાલ, સુરત સોનાની મૂરત!' ભરૂચ એ આપણું પ્રાચીન બંદર છે. ભૃગુકચ્છનું અપભ્રંશ થઈ 'ભરૂચ' બન્યું છે. આ ભરૂચમાં નર્મદાનાં પાણી ઘૂસી જાય એ કોઈ નવાઈની વાત નથી રહી. કનૈયાલાલ મુનશી જેવા સમર્થ સર્જક અને અહમ પટેલ જેવા વગદાર રાષ્ટ્રીય નેતાની નગરીને નર્મદામૈયાનો કોપ અને કૃપા- બેઉનો અનુભવ થતો રહે છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી અને વલસાડ જેવાં નગરોમાં અંબિકા, કાવેરી અને પૂર્ણા જેવી નદીઓનાં ઘોડાપૂર રેલાતાં જોઈ એમ જ લાગે કે જાણે ઉત્તરાખંડનું જળતાંડવ થોડો પોરો ખાઈને હવે સમૃદ્ધ ગુજરાતને ધમરોળવા આવી પહોંચ્યું છે. પાટનગર ગાંધીનગર પણ ધોધમાર વરસાદને કારણે ભીંજાઈ ગયું છે. અહીંના મુખ્ય માર્ગો- 'ઘ' રોડ અને 'ચ' રોડના કેટલાક ભાગોમાં પાણી ભરાતાં હોય છે પરંતુ એ લાંબો સમય ટકતાં નથી. ટકે પણ શાનાં? આ તો રાજનગરી છે. જો કે શહેરોની આવી કફોડી સ્થિતિ હોય તો અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોની દશા કેવી હશે એની તો કલ્પના જ કરવી રહી. વહુ અને વરસાદને જશ નથી હોતો- એ જૂની કહેવત સાચી હોય તો પણ જેમ વહુ ગમે તેવી વટકેલી હોય છતાં આખરે એનાં સાસરિયાં સાથે અનુકૂળ થઈ જતી હોય છે તેમ વરસાદને પણ ધારે તો માનવી અનુકૂળ બનાવી શકે. આટલા વરસાદ પછી પણ આપણા ઘણા વિસ્તારોમાં વરસ દરમિયાન પીવાના પાણીની તંગી વરતાતી રહે છે. વરસાદનાં વહી જતાં પાણી ખેત તલાવડીઓ અને આડબંધો દ્વારા રોકી લઈ એનો સિંચાઈ માટે ઉપયોગ થાય તો કેવું સુંદર પરિણામ મળી શકે! એક તરફ આટલું અઢળક પાણી નકામું વહી જાય છે, બીજી તરફ આપણે ઈઝરાયેલની 'ટપક સિંચાઈ' યોજનાનો અમલ કરવા માટે ખેડૂતોની શિબિરો યોજતા ફરીએ છીએ!

ભાદરવાના આ પાછોતરા વરસાદથી ખેડૂતોની ચોમાસુ મોસમ બગડી છે. કપાસ જેવા રોકડીયા પાકમાં ખેડૂતોને રોવાવારો આવ્યો છે. પરંતુ પાણી ક્યારેય નકામું જતું નથી- ભાદરવો ખેડૂતોને શિયાળુ મોસમમાં ભરપૂર ફળશે, એટલી હૈયાધારણ જરૂર રહે છે. રહીમનો દોહરો યાદ આવે છે-

'રહિમન પાની રાખીયે બિન પાની સબ સૂન,
પાની ગયે ના ઉપજે મોતી, માનુષ, ચૂન!'




શિક્ષણ મહાકુંભ : ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શિક્ષણ - પ્રશિક્ષણ, નવચિંતન શિબિરમાં રાજ્યના પાંચ હજારથી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં પોતાના મૌલિક વિચારો રજૂ કરી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને જાણીતા કથાકાર પૂ. રમેશભાઈ ઓઝા (ભાઈશ્રીએ) શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. કમલેશ જોષીપુરાએ સમગ્ર કાર્યક્રમનો હેતુ અને હાર્દ રજૂ કર્યા હતા. આ ઉપરાંત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ અને વિશેષ તજજ્ઞોએ શિક્ષણ અંગે પોતાના ચિંતનો રજૂ કર્યા હતા.

## અમદાવાદની શાળા કોલેજો બંધ અને પરીક્ષા રદ

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમાં આજે વહેલી સવારે ૪-૦૦ કલાકથી મુશળધાર વરસાદ શરૂ થયો હતો. જેથી શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પરીણામે શહેરના તમામ શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. આ ઉપરાંત આજથી શરૂ થઈ રહેલ ધોરણ-૯થી ૧૨ની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પણ રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં છેલ્લા બે દિવસથી સુરત, વડોદરાને મેઘરાજા ઘરમોબી રહ્યા છે ત્યારે આજે મેઘરાજાએ અમદાવાદનો વારો લીધો હતો. અમદાવાદમાં આજે વહેલી સવારે ૪-૦૦ કલાકથી મુશળધાર વરસાદ થઈ ગયો હતો જે સવારે નવ વાગ્યા સુધી સતત યથાવત રહેતા શહેરની તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. જો કે વહેલી સવારે કેટલાક વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીઓ વચ્ચે પણ શાળા-કોલેજોમાં પહોંચી ગયા હતા પરંતુ શાળાઓ છોડી મુકવામાં આવી હતી. આ ઉપરાંત આજથી ધોરણ ૯ થી ૧૨ના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પણ શરૂ થવાની હતી પરંતું ભારે વરસાદના પગલે તંત્ર દ્વારા આજની પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરાયો હતો. આ અંગે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી આર.આઈ. પટેલે જણાવ્યું હતું કે ભારે વરસાદને પગલે શાળાઓમાં વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી છે તેમજ ધોરણ ૯ થી ૧૨ની પરીક્ષા પણ રદ કરી દેવામાં આવી છે. વહેલી સવારે જ તમામ શાળાઓના આચાર્યોને શાળાઓમાં રજા આપવા સુચના આપવામાં આવી હતી. તેમજ કોલેજોમાં પણ રજા જાહેર કરવામાં આવી હતી. જો કે આવતીકાલથી શાળા કોલેજો રાબેતા મુજબ ચાલુ રહેશે અને ધોરણ ૯ થી ૧૨ના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પણ નિર્ધારીત કાર્યક્રમ મુજબ લેવામાં આવશે. જ્યારે આજે રદ કરાયેલ પેપર પરીક્ષાના અંતમાં લેવામાં આવશે. આજે વહેલી વસારથી અમદાવાદમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. શહેરમાં અંદાજે પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતા જનજીવન ઠપ થઈ ગયું હતું.

## ઉદ્‌ગમ સંસ્થા દ્વારા સેક્ટર-૩૦ અને ૨૮/૧ની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક ચીજવસ્તુઓનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિ સાથે સતત પ્રયત્નશીલ થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમ સંસ્થાએ આ વર્ષે વિવિધ કોર્પોરેટ સેક્ટર સાથે જોડાણ કરીને સંસ્થાના ઉમંગ પ્રોજેક્ટ અંતર્ગત કલેક્શન ડ્રાય શરૂ કરી હતી. આ કલેક્શન ડ્રાયનો મુખ્ય ઉદેશ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટ, પેન્સીલ, રબર, સંચો, પેન, દેશી હિસાબ વગેરે જેવી વસ્તુઓનું કલેક્શન કરીને વિદ્યાર્થીઓને મદદરૂપ થવાનો હતો.

આ કાર્યમાં annet malius cotidie ના સહયોગથી સેક્ટર-૩૦ના ૧૬૧ વિદ્યાર્થીઓ અને ૨૮/૧ ના ૧૧૯ વિદ્યાર્થીઓને નોટ, પેન્સીલ, રબર, સંચો, પેન, કમ્પાસ પાઉચ વગેરે વસ્તુઓનું બંને શાળામાં ૨૮૦ જેટલા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના સે. ૩૦ની પ્રાથમિક શાળાના મુખ્ય મહેમાન જી.ઈ.બી. ગાંધીનગરના ચીફ એન્જીનિયરશ્રી ઈશ્વરભાઈ એન. પટેલે બાળકોને અભ્યાસ અંગે અભિરૂચી કેળવવા પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશભાઈ બારોટે પણ બાળકોને સ્વચ્છતા અને આરોગ્ય જાળવણીની સુટેવો અંગે માહિતગાર કર્યા હતા, ઉદ્‌ગમ સંસ્થાના ટ્રસ્ટીશ્રી ધ્રુવભાઈ જોષી અને ઉષાબેન જોષીએ પણ બાળકોને શૈક્ષણિક બાબતોનું ધ્યાન દોર્યું હતું. મુખ્ય મહેમાન દોશી અને પ્રા. લી.ના પી. આર.ઓ. સેમ્યુલ ક્રિશ્ચિયને પણ વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચેના સંબંધોની વાત કહીને શિક્ષક પ્રત્યેની લાગણી વિદ્યાર્થીઓમાં ઉભી થાય તેવી પ્રેરણા આપી હતી. વોડ નંબર-૨ના કોર્પોરેટર શ્રી હર્ષજીતભાઈ પંડ્યા, annet malius cotidie સ્ટાફના નિધીબેન મોદી, નૈનેશભાઈ, નિમેશભાઈ ઉપાધ્યાય, સેક્ટર-૩૦ની પ્રા. શાળાના આચાર્યશ્રી કલ્પનાબેન દવે અને સેક્ટર-૨૮/૧ ની પ્રા. શાળાના આચાર્યશ્રી રાબીયાબેન દેસાઈ શાળાનો સ્ટાફ આ કાર્યક્રમમાં મદદરૂપ થયા હતા.

ઉદ્‌ગમ વુમન્સ વીંગના માનદ નિયામક પરમજીત કૌર છાબડાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન કર્યું હતું. ઉદ્‌ગમના મેમ્બર જાગૃતિબેન પટેલ, મીનાબેન શાહ, કુમુદબેન એન્જીનીયર, સહભાગી બન્યા હતા. ઉદ્‌ગમ સંસ્થાના મેનેજર સંજય પટેલ અને પ્રકાશભાઈ ઠાકરે ઉમંગ પ્રોજેક્ટ હેઠળ કોર્પોરેટ ક્ષેત્ર, સામાજિક ક્ષેત્રે કાર્યરત સેવકો અને જરૂરિયાત મંદ શાળા અને વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક સાંકળવાનું કાર્ય કર્યું હતું.





સાહેબ, સેફટી માટે હેલમેટ પહેરો... તે પાટીયું હેલમેટમાં વાગી ગયું બોલો....!!

## એડવર્ટાઈઝઈંગ અને મીડિયા વિશે જ્ઞાન આપતું સંજય ચક્રવર્તીનું નવું પુસ્તક

એડવર્ટાઇઝિંગ અને મીડિયા ઇન્ડસ્ટ્રીમાં પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છતા યુવાનો માટે એક નવું પુસ્તક અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. પુસ્તકનું શીર્ષક છે - 'બીફોર બીઇંગ ઓન યોર માર્ક્સ, ગેટ સેટ, ગો !'

એડવર્ટાઇઝિંગ અને માર્કેટિંગ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા પ્રોફેશનલ સંજય ચક્રવર્તીએ આ પુસ્તક તૈયાર કર્યું છે. શ્રી સંજયનું આ પ્રકારનું આ ત્રીજું પુસ્તક છે. વિવિધ બ્રાન્ડસ માટે કમ્યુનિકેશન અને એડવર્ટાઇઝિંગનું કામ કરતા સંજય ચક્રવર્તીનું આ પુસ્તક ખાસ આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને લખાયું છે અને આ રોમાંચક છતાં પડકારભર્યા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે શૈક્ષણિક લાયકાત ઉપરાંત કેવી પ્રેક્ટિકલ સ્કિલ્સ હોવી જરૂરી છે તેનું ઊંડાણભર્યું માર્ગદર્શન આપે છે.

સંજય ચક્રવર્તીએ તેમના પોતાના અનુભવો ઉપરાંત એડવર્ટાઇઝિંગ અને મીડિયા ઇન્ડસ્ટ્રીના બીજા અનેક મહારથીના અનુભવોને પણ આ પુસ્તકમાં આવરી લીધા છે. જે આ ક્ષેત્રમાં પ્રવેશવા ઉત્સુક યુવાનો માટે સુદૃઢ ભાવિનો આધાર તૈયાર કરે તેમ છે. આ પુસ્તકમાં અમીર




ઇસ્માઇલી, ડિરેક્ટર, લાઈનોપિયનિયન, ડો. અરવિંદ કાલિયા, નેશનલ હેડ, રાજસ્થાન પત્રિકા, માર્કેટિંગ, શ્રી હરીશ એમ. ભાટિયા, સીઇઓ, ૯૪.૩ માય એફએમ, ઇવાન આર્થર, વાઇસ-ચેરમેન એન્ડ ટ્રસ્ટી, ધ એસાઇસીએઆર, બિઝનેસ સ્કૂલ, કિરણ ખલાપ, કો-ફાઉન્ડર, ક્લોરોફિલ, બ્રાન્ડ એ-એ કોમ્યુનિકેશન્સ કન્સલ્ટન્સી, એમ.જી. પરમેશ્વરન, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એન્ડ ચીફ એક્ઝિક્યુટિવ, ડ્રાફ્ટએફસીબી ઉલ્કા એડવર્ટાઇઝિંગ, નિખિલ ડે, પ્રેસિડેન્ટ પબ્લિક રીલેશન્સ, જીનેસિસ બર્સન-માર્સટેલર, પ્રતાપ સુથાન, મેનેજિંગ ડિરેક્ટર, ચીફ ક્રિએટિવ ઓફિસર, બેન્ગ ઇન ધ મીડલ, રાઘવ સુબ્રમણ્યમ, ફાઉન્ડર ડિરેક્ટર, ટીએમસી કોર્પોરેશન, રામ માધવાણી, ડિરેક્ટર, ઇક્વિનોક્સ ફિલ્મસ પ્રા. લિ., સંદીપ વીજ, કો-ફાઉન્ડર, એએફએક્યુએસ, સુધીર અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર, દૈનિક ભાસ્કર ગૃપ, સુનીલ ગૌતમ, ચેરમેન હેન્મર એમએસએલ ઇન્ડિયા, તરૂણ કતિયાલ સીઈઓ, રીલાયન્સ બ્રોડકાસ્ટ નેટવર્ક લિ. અને વિવેક શ્રીવાસ્તવ, જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર, ઇનોશન વર્લ્ડવાઇડ ઇન્ડિયા જેવા મહાનુભાવોએ પોતાના અનુભવો વર્ણવ્યા છે.

## ગીતોનો અબીલ-ગુલાલ.. ગુજરાતી ચલચિત્રોનો ચિરસ્મરણિય ચિત્રતર..!

### ઉઘડતે પડદે

**સંજય થોરાત**

પૂનમની પ્યારી પ્યારી રાત... ઓઢણી ઓઢું ઓઢું ને ઉડા જાય... બેનનારે સાસરીયે જાતાં જોજો પાંપણ ન ભીંજાય.. જેવાં સદાબહાર ગુજરાતી ગીતો અને ગુજરાતી ચલચિત્રોની અઢળક રસપ્રદ માહિતી સાથે તુષાર જોશીએ ગુજરાતી ફિલ્મોના સુવર્ણમય ઈતિહાસની પ્રસ્તુતીના અવસરને પ્રેમથી પોંખ્યો.

ગુજરાતી ફિલ્મોનો ઈતિહાસ હિન્દી ફિલ્મી ઈતિહાસ જેટલો જ પુરાણો અને જાજરમાન છે. ૭૦-૮૦ના દશકમાં ગુજરાતી ફિલ્મોની ટીકિટોના કાળાબજાર થતાં અને ત્રણ કિ.મી. લાંબી લાઈનમાં તપીને ટીકિટો મેળવતાં... એ અરસાની ગુજરાતી ફિલ્મોનાં ગીતો એટલાં તો લોકપ્રિય અને પ્રસિદ્ધ હતાં કે સતત સાંભળવાં ગમે. છેલ્લાં વીસ વર્ષમાં જન્મેલાંઓ માટે આ બધું ગાંધીજીએ વગર શસ્ત્રે અપાવેલી આઝાદી જેવું જ આશ્ચર્યનજક લાગશે. પણ ગુજરાતી ફિલ્મી ગીતો આજેય એટલાં જ અજર-અમર અને મધુરા બની રહ્યાં છે.

શિવરંજનીનાં સ્વરોત્સવમાં 'અબીલ-ગુલાલ'ની છોળો વચ્ચે સમયની સંદુકમાં સચવાયેલાં ગુજરાતી ચલચિત્રોનાં ચિરસ્મરણિય ગીતોની દશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ અને રસાળ રજૂઆત અને મીઠાં-મધુરાં કંઠથી ગવાયેલાં ગીતોથી બેજોડ બની રહી...'કરાર વિંદે ન મુખારવિંદેમ્' અને ભક્તિમય શ્લોકોની રજૂઆત સાથે પરદો ખુલ્યો... સંસ્થાના મહેન્દ્રભાઈ ભાવસારે ત્રિ-દિવસીય કાર્યક્રમની રૂપાળી રૂપરેખા આપી. સ્મરણિકાને સ્મરણિય બનાવનારાં હિરેન ભટ્ટનું મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું...

શિવરંજની રાગની સ્મરણિકામાં વિસ્તૃત છણાવટ કરનારા પિનાકીન વ્યાસનાં સંચાલનમાં ગાંધીનગરના સંગીત ક્ષેત્રે વિશારદ થયેલાં ૧૮ સંગીત ઉપાસકોને સન્માનવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. સંગીત સમર્પીત સુરેન્દ્રબક્ષી, કલ્ચરમ ફૉરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા અને શિવરંજનીનાં પ્રમુખ હસ્તે સૌને મોમેન્ટોથી સન્માનાયા. આ પ્રસંગે કૃષ્ણકાંત જહાએ આ નૂતન વિચારને ઉમળકાભેર આવકાર્યો, દરેક વિશારદ સંગીતની આરાધના કરી ગાંધીનગરને સંગીતમય બનાવનારાં સહભાગી થાય એવી પ્રાર્થના કરી. ગાંધીનગરમાં સંગીત પ્રશિક્ષણ આપતાં સંગીત ગુરુઓ અને સે.-૧૬ની અંધશાળાનાં બધા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા.

ખોબા જેટલું લીંપણ લઈને આ સંગીતની સફરને શરૂ કરાવનાર પ્રવક્તા તુષાર જોશી કે જેઓએ કાર્યક્રમની પરિકલ્પના પણ તૈયાર કરેલી એમણે શરૂ કરાવી... ગુજરાતી ફિલ્મોના ઈસ્ટમેન કલરવાળા પોસ્ટરની સ્લાઈડ શૉ માં નસીબદાર, ભાભીનાં હેત, ગુણીયલ ગુજરાતી, મુળુ માણેક, લાખો વણજારો, જીથરો ભાભો, ભાભી, જેસલ તોરલ, જેવાં પોસ્ટર ફરતાં ગયાં અને સ્વર્ણિમ ગુજરાતી ફિલ્મોની યાદો તાદશ્ય થવાં લાગી. ગુજરાતની ધૂળના ગીતોનો ગુલદસ્તો એની ફૉરમ મહેંકાવાં લાગ્યો.

'સવા બશેરનું મારું દાતરડું લોલ, મૂંજા વાલમજી લોલ, હવે નહીં જાવું વીર વાઢવાને લોલ..', 'જેની ધરતી સદા રસાળ, જેની ઉપર ગગન વિશાળ', 'પાપ તારું રે પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે તારી બેડલીને બુડવા નહીં દઉં, એમ જેસલ કહેજી (સ્નેહલતા- ઉપેન્દ્ર ત્રિવેદી)..', 'રણુજાનાં રાજા, અજમલજીના બેટા, રાણી હેતલનાં ભરથાર, મારો હેલો સાંભળો હો હો જી... ભાભી, ઉપર ગગન વિશાળ, જેસલ તોરલ, રણુજાનાં રાજા રામદેવ-રામાપીર ફિલ્મોના ગીતો ગવાયાં.

'કેન કોક કોલાનું કોઠે પડ્યું ને શેરડીનો રસ ભૂલી ગયાં' જેવી વાત સાથે સુત્રધારે ગુજરાતી ફિલ્મી ગીતોને વિવિધ ટાઈટલ હેઠળ આવરી લીધાં હતાં અને એક-મુખડું- એક અંતરો તો ક્યાંક આખું ગીત એમ કરીને ૫૦થી વધુ સુપરહીટ



ગુજરાતી ચલચિત્રોનાં ચિરસ્મરણિય ગીતોનો ચિત્રહાર દર્શાવ્યો હતો.

શરદ પૂનમ..'આજનો ચાંદલીયો મને લાગે બહુ પ્યારો, કહી દો સુરજને કે ઉગે નહીં ઠાલો'.. 'હો પૂનમની પ્યારી પ્યારી રાત, મારી પ્રિતમ સાથે છે મુલાકાત, આજ તું ના જાતી.', તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી જાય રે, પૂનમની રાત ઉગી પૂનમની રાત.., પવન પતાકા શ્રાવણની મસ્ત ઘટાઓ શ્રાવણની.. લતા-ઉષા- ગીતા રૉય- ઈસ્માઈલ વાલેરાના કંઠોના ગીતો રેલાયાં..

શહેરનાં ગીતો.. 'છેલાજી રે કે મારાં હાટુ પાટણથી પટોળ મોંઘઆ લાવજો..., તમે કિયા તે ગામના ગોરી રાજ..., હું જામનગરમાં જન્મેલો, ઉપલેટામાં ઉછરેલો, ભાવનગરમાં ભણેલો, રાજકોટમાં રખડેલો.., અમે અમદાવાદી, અમે અમદાવાદી, જેનું પાણી તાણી લાવ્યું ભારતની આઝાદી... આશા-ઉષા- જયશ્રી ગજ્જર, અવસ્થી- મહેન્દ્ર કપૂરની મધુરી યાદો સાથે ગીતો ગવાયાં...'

પ્રેમનાં ગીતો.. દિલીપ ધોળકીયાની કલીપ સાથે 'તારી આંખની અફેલી, તારા બોલનો બંધાણઈ, તારી રૂપનો પાગલ હું એકલો... અને એજ ગીતને સ્ટેજ પરથી નીરજ પાઠકે રજૂ કર્યું... ગોરમાનાં પાંચે આગણીયે પૂજ્યાં કે નાગલજ ઓછાં પડ્યાં રે લોલ... ઓરી આવે તો તને વાત કહું ખાનગી તું ગરમ મસાલેદાર ખાટીમીઠી વાનગી... મીઠાં લાગ્યા તે મને આજનાં ઉજાગરાં, જોતીતી વહાલાની વાટ રે... બીજલડી રે બીજલડી રે આમ ઝબકીને ચાલ્યા જવાહા નહીં, હસ્તમેળાપનાં આ મન્નાડે એ ગાયેલાં અવિનાશ વ્યાસનાં ગીત-સંગીતને વન્સમોરનાં આગ્રહ પર ફરી ગવાયું...

યુગલ ગીતો.. મણિયારો તે હાલુ હાલું થઈ રીયો ને..., પાંદડું લીલું ને રંગ રાતો, હેજી મારી મહેંદીનો રંગ મધમાતો.. ચાંદો ઉગ્યો ચૉકમાં ઘાયલ... તારી ઢીંગલીની સાથે મારો ઢીંગલો રમે, હે શિરો પૂરીને જલેબી જમે... ઝટ જાઓ ચંદન હાર લાવો ઘૂંઘટ નહીં ખોલું હો.. ઓઢણી ઓઢું ઓઢુંને ઉડી જાય, ના નારે રે વાય ના ના રે કેવાયય, લાખો ફુલાણી, ફિલ્મથી પ્રફુલ્લ દવેની એન્ટ્રી અને દરેક ગીતોની રમઝટ વખતે વિડિયો કિલપીંગથી ફિલ્મોની યાદો રોમાંચક રહી.

અનેરાં સંબંધોની યાત્રા.. કાળજા કેરો કટકો મારો ગાંઠથી છુટી ગયો.. કોણ હલાવે લિંબડી કોણ ઝુલાવે પીંપળી... તમે થોડાં થોડાં થાવ વરણાગી હો ભાભી તમે, નવી ફેશનની ધૂન બધે લાગી.. મારી વેણીમાં ચાર ચાર ફૂલ અંબોડલે સોહે રે સોહમણી ઝુલ... ઘમ્મર ઘમ્મર નારે રે આજ, નવી તે વહુના હાથમાં રૂમાલ.. મારાં લહેરીયામાં લાગી લૂંટાલૂંટ હો નણંદ માગે લહેરીંયુ રે બાઈ... બધી જ રજૂઆત મસ્ત સંબંધો જેવી જ રહીં...

આનંદની વહેંચણી.. તાનારીરી ફિલ્મનું ના શ્રાવણના ઋતુ વર્ષાની, મેઘરાજા આવો તો માનું આ સૂર સૂજાણ, ગરજ ગરજ વરસો ગરધર. દિપકથી દાઝેલા તનને શીતલ જળશી સ્પર્શો, ગીર્ગી વ્હોરાનાં આ ગીતની ગજબની રજૂઆતથી વરસાદ આવવોજ જોઈએ. અખંડ મેઘની ધરાની જેમ જ તાળીઓ વરસતી રહી.. સિનેસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની ૩૬ ફિલ્મો સાથે આવેલી યાદોને વાગોળતાં એમનાંજ ઑરીજનલ ડાયલૉગની કિલપીંગ્સ બતાવી ઉપેદન્દ્ર ત્રિવેદીનો સુવર્ણકાળ યાદ કરાવ્યો...

હિન્દી ફિલ્મ ગાયકોનાં ગુજરાતી ગીતો... સોનાને ક્યાંથી લાગે કાટ, સંસારી મનવા સોનાને ક્યાંથી લાગે કાટ.. એકલાંજ આવ્યા મનવાં એકલાં જવાનાં.. ચાલતો રે જે, જીવનની વાટે મંજીલને માટે વિસામોના લેજે.. બેનારે સાસરીયે જતાં જોજો પાપણનાં ભીંજાય, દીકરી તો પારકી થાપણ કેવાય... સજણ મારી પ્રિતડી સદીયો પુરાણી... ચરરર ચરરરર મારું ચકડોળ ચાલે, આજે રોકડાંને ઉધાર કાલે...

ભજન-ભક્તિ.. રાખનાં રમકડાં રામે રમતાં રાખ્યા રે... ધોવા દો રઘુરાય પગ મને ધોવા દો... વિજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઈ અચાનક અંધારા થાશે રે.. ધૂણી રે ધખાવી બેલી અમે તારાં નામની રે.. હસમુખ પાટડીયાનો અવાજ એટલે ભક્તિમાં રસતરબોળ...

ગરબા... સાથીયાં પુરાવો દ્વારે, દિવડાં પ્રગટાવો આજ, આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી... રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી..., અષાઢ ઉચ્ચારમ મેઘ મલ્હારમ્.., રંગભર સુંદરી શામ રહે... ગુજરાતનાં ગરવાં ગરબાની રજૂઆત સાથે કાર્યક્રમ સંપન્ન થઈ ગયો...

કાર્યક્રમની પ્રસ્તુતિમાં પંકજ પાઠક, શૈલેષ ઠાકરનું સંગીત, હસમુખ પાટડીયા, નિરજ પાઠક, ગાર્ગી વોરા, આનલ વસાવડાનાં મધુરાં કંઠે સમગ્ર કાર્યક્રમ દિપી ઉઠ્યો. કાર્યક્રમમાં દિલોજાનથી જોડાયેલા મસ્ત-મૌલાના તુષાર જોષીની જેટલી પીઠ થાબડીએ એટલી ઓછી, કાર્યક્રમની પરિકલ્પના-રજૂઆત- ઈતિહાસ- સુહાને લમ્હે- ફિલ્મો- ગીતો- સંગીતકાર- ગીતકાર-કવિનાં નામ, એની યાદો અને કેટલું બધું એક જ વ્યક્તિ રસાળ રીતે રજૂ કરી શકે, સાથે મુક્તક-શૅર- શાયરી અને છતાંય કાર્યક્રમ પર હાવી નહીં, તુષાર જોષી પાસેથી હવે કોઈ નવાં ટાઈટલ સાથએ નવતર પ્રયોગની ડિમાન્ડ અવશ્ય કરી શકાય.. નવપલ્લવિત વર્ષને વધાવવાનો આ કાર્યક્રમ સૌને લાઈફ ટાઈમ યાદ રહે એવો બનાવ્યો.. ગુજરાતી ચલચિત્રોના ચિરસ્મરણિય ગીતોનાં નામે જોરદાર તાલી હો જાય...